અપીલ અરજી નં.૩૩૮ તા.૮–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નરેશ લક્ષ્મીકાંત ઉપાધ્યાય
સામાવાળાઃ–શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશ લક્ષ્મીકાંત ઉપાધ્યાયની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી તા.૯–૧૦–૦૯ ના રોજ કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાને વોર્ડ નં.૯ નોંધ નં.૧૨૦૧ તથા ૧૦૧૧અ માં મંજુર થયેલ પ્લાન,રજાચીઠ્ઠી રદ કરવા બાબતની અરજીની થયેલ તમામ કાર્યવાહીની નોંધ વિભાગ તેમજ પત્રવ્યવહાર વિભાગ ની વિગતોની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૮–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૩૮/૨૦૦૯–૧૦

શ્રી નરેશ લક્ષ્મીકાંત ઉપાધ્યાયની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી તા.૯–૧૯–૦૯ ના રોજ કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાને વોર્ડ નં.૯ નોંધ નં.૧૨૦૧ તથા ૧૦૧૧અ માં મંજુર થયેલ પ્લાન,રજાચીઠ્ઠી રદ કરવા બાબતથી અરજીની થયેલ તમામ કાર્યવાહીની નોંધ વિભાગ તેમજ પત્રવ્યવહાર વિભાગ ની વિગતોની નકલ આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ.૧૨૩૪ તા.૧૧–૧૨–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહે પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૯ તા.૧૯–૧–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સ ેન્ટ્રલઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીના અનુસંધાને કઈ બાબતે નારાજગી છે તે અંગે સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ છે. જે અંગે અરજદાર તરફથી તા.૨૮–૧–૧૦ ના પત્રની નકલ,જયારે જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૨૭ તા.૨–૨–૧૦ થી અત્રેના વિભાગને અરજદારની મુળ અરજીની નકલ, અરજદારની તા.૯–૧૦–૦૯ થી કરેલ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે રૂા. ૨/– ભરપાઈ કરવા પાઠવેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૫૪ તા.૨૬–૧૧–૦૯ ના પત્રની નકલ તથા અરજદારને આપેલ સે.ઝોન/આરટીઆ/આ.નં.૧૨૩૪ તા.૧૧–૧૨–૦૯ ના પત્રની નકલ, પૂરક વિગતોમાં અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી અરજદારે તા.૯–૧૦–૦૯ ના રોજ મ્યું કમિશ્નરશ્રીને વોર્ડ નં.૯ નોં ધ નં.૧૨૦૧ તથા ૧૦૧૧/અ ના મંજુર થયેલ પ્લાન રજા ચિઠ્ઠી રદ કરવા બાબતની અરજીની થયેલ તમામ કાર્યવાહી નોંધ વિભાગ અને પત્ર વ્યવહાર વિભાગના વિગતોની માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૫૪ તા.૨૬–૧૧–૦૯ થી રૂા.૨/– ભરપાઈ કરી મેળવવા જણાવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૧૧૩૧૮૪ તા.૪–૧૨–૦૯ ના રોજ સદર પત્રની નકલ મેળવ્યાનું જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૩૪ તા.૧૧–૧૨–૦૯ ના રોજ અરજદારને માહિતી પૂરી પાડતા પત્રની નકલ રજૂ કરેલ છે. આમ અરજદાને આપેલી માહિતીના અનુસંધાને અરજદારે તા.૮–૧–૧૦ ના રોજ આપેલી માહિતીના નિર્ણયથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને નારાજગી બાબતે તા.૨૮–૧–૧૦ થી એવું જણાવેલ છે કે અમોને સેન્ટ્રલઝોનના શહેર વિકાસ ખાતાના તા.૧૭–૧૧–૦૯ ના રીપોર્ટની નકલ આપવામાં આવેલ છે. જેમાં મિલ્કતના પ્લાન મંજુર કરતી વખતે આર્કીટેકટ/મિલ્કતદાર ધ્વારા રજુ કરવામાં આવેલ પ્રોપર્ટી કાર્ડ તેમજ સનદની નકલના આધારે પ્લાન મંજુર કરેલ છે તેવું જણાવેલ છે. શું પ્લાન મંજુર કરવા ફકત આટલી જ નોંધ કે પત્ર વ્યવહાર થાય. વધુમાં આર્કીટેકટ/મિલ્કતદારે જે પ્રોપર્ટી કાર્ડની નકલ કે જે સનદ રજૂ કરેલ તેની સ્થળ પરિસ્થિતિ તથા તેની કાયદેસરતા તેના પ્રોપર્ટીકાર્ડમાં જણાવેલ માપ તથા સનદના માપની ચકાસણી કરી રીપોર્ટ કરવામાં આવેલ હોવાનું જણાતું નથી. માત્ર હકીકત ઉપરી અધિકારીની જાણમાં રજૂ કરેલ હોવાનું જણાય છે. રીપોર્ટ કરનારે હકીકતલક્ષી છણાવટ કરી ઉપલા અધિકારીને વાકેફ કરેલ હોવાનું જણાતું નથી. જેથી અમારી મિલ્કતના ભોગવટા બાબતે પરોક્ષ અસર થાય તેમ છે અને તેની અસર લાંબા ગાળા સુધી રહે તેમ જણાય છે. જેના કારણે અમારી નારાજગી છે. પરંતુ અરજદારે તેમના દાવાના સમર્થનમાં કોઈ દસ્તાવેજી આધાર રજૂ કરેલ નથી. હાલમાં સદર મિલ્કતના માલીકે રીવાઈઝ પ્લાન મંજુરી અર્થે રજૂ કર્યા હોવાનું જાણમાં આવેલ છે. જેનો પણ રીપોર્ટ રેકર્ડ લક્ષી નહીં પણ સ્થળ સ્થિતિ અનુસાર હકીકતલક્ષી થાય તેવું જરૂર જણાય છે. તેવી રજૂઆત અરજદારે અપીલ તબકકે કરેલ છે. જે જોતાં અરજદારની નારાજગીં માહિતી નહીં મળવા અંગેની પણ ફરીયાદ નિવારણની કાર્યવાહીને લગતી જણાય છે.

તેમ છતાં અરજદારની તા.૨૭–૧૦–૦૯ થી માંગેલ માહિતી તેમની તા.૯–૧૦–૦૯ ની અરજી અંગે થયેલ કાર્યવાહી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પૂરી પાડેલ નકલમાં ઉલ્લેખ કરેલ છે કે પ્લાન મંજુરી સમયે આર્કીટેકટ/ મિલ્કતદાર તરફથી રજૂ કરવામાં આવેલ પ્રોપર્ટી કાર્ડ તથા સનદને ધ્યાને લઈ પ્લાન મંજુર કરેલ છે. તે ધ્યાને લેતાં દફતરી હકીકતની માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ફરીયાદને લગતી રજૂઆત જરૂરી આધાર પુરાવા સહ સક્ષમ સત્તાને અલાયદી રીતે કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશ લક્ષ્મીકાંત ઉપાધ્યાય